**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરૂવાર, તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૦થી ૩૨૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પોઇન્ટ ઓફ ઓર્ડરના નિર્ણય અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૬મી જુલાઇ ૨૦૧૯ના રોજ સભ્યશ્રી પુંજાભાઇ વંશના પ્રશ્નોત્તરીમાં એક સરખા પ્રશ્નોના જવાબમાં વિસંગતતા અંગેના પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપ્યો.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પૂંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં ગીર જંગલની મધ્યમાં આવેલ રાવલ ડેમ પાસે માછીમારી કરવા ગયેલ યુવાનોને આર.એફ.ઓ. દ્વારા માર મારી ગોંધી રાખતાં આમ જનતામાં ફેલાયેલ આક્રોશ દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

(૧) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૩) ગુજરાત રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૪) ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૮નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૬) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૮–૨૦૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૫. **સરકારી વિધેયકો**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૨) શ્રી કનુભાઇ બારૈયા
(૩) શ્રી હિંમતસિંહ પટેલ
(૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૫) શ્રી બાબુભાઇ વાજા
(૬) શ્રી પ્રતાપ દૂધાત
(૭) શ્રી બ્રિજેશ મેરજા
(૮) ડો.અનિલ જોષિયારા
(૯) ડો.સી.જે.ચાવડા
(૧૦) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા
(૧૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૨) શ્રી સંજયભાઇ સોલંકી
(૧૩) શ્રી અમરીષભાઇ ડેર
(૧૪) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૬) શ્રી પ્રવિણભાઇ મારૂ
(૧૭) શ્રી પુંજાભાઇ વંશ
(૧૮) શ્રી જીતુભાઇ ચૌધરી
(૧૯) શ્રી કીરીટકુમાર પટેલ
(૨૦) શ્રી નથાભાઇ પટેલ
(૨૧) શ્રી અક્ષયકુમાર પટેલ
(૨૨) શ્રીમતી ગેનીબેન ઠાકોર

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો.અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૬. **માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમ–૩૦ અન્વયે સભાગૃહનું ધ્યાન દોરી માનનીય અધ્યક્ષશ્રી જ્યારે બોલતા હોય, પોતાના સ્થાન ઉપર ઉભા હોય ત્યારે સભ્યશ્રીઓએ કેવી રીતે વર્તવું જોઇએ તે અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

૭. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૨) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં તેઓ પોતાનું મંતવ્ય વ્યકત કરતા હતા ત્યારે વિરામનો સમય થતાં તેમનું મંતવ્ય અધૂરું રહ્યું.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

વિરામ બાદ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનું અધુરું રહેલ મંતવ્ય પૂર્ણ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)

૮. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, આજના કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ વિધેયક પર ચર્ચા થાય અને તે પસાર ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જેનો સ્વીકાર થતા તદનુસાર માનનીય સભાપતિશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

૯. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

સભ્યશ્રી પરેશ ધાનાણીએ પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) ડો.સી.જે.ચાવડા
(૩) શ્રી હિંમતસિંહ પટેલ
(૪) શ્રી લાખાભાઇ ભરવાડ
(૫) શ્રી કીરીટકુમાર પટેલ

૧૦. **માનનીય ઊર્જા મંત્રીશ્રીની જાહેરાત**

**બે કલાક વધુ વીજળી આપવા બાબત**

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ગુજરાતના અમુક વિસ્તારમાં ઓછો વરસાદ થતાં તે વિસ્તારોમાં ખેડૂતોને બે કલાક વધુ વીજળી આપવાની જાહેરાત કરી.

૧૧. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૬) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૭) શ્રી અરવિંદકુમાર ગાં.પટેલ
(૮) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**વિરામ સમય: સાંજના ૬.૩૪ થી ૭.૦૦**

(૩) માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બ્રિજેશ મેરજા
(૨) શ્રી કીરીટકુમાર પટેલ
(૩) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૪) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૫) શ્રી જગદીશ પંચાલ

ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી લલીત વસોયા

(૨) શ્રી અમરીષભાઇ ડેર
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી અરૂણસિંહ રણા

૧૨. **સભાગૃહના સમય બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ વિધેયક ક્રમાંક–૧૫ પસાર કર્યા બાદ આજના કામકાજમાં બાકી રહેલ વિધેયકો આવતી કાલે તા.૨૬–૭–૨૦૧૯ના રોજ હાથ ધરવાની દરખાસ્ત રજૂ કરતાં વિરોધપક્ષના દંડકશ્રીએ સંમતિ આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તે મુજબ ઠરાવ્યું.

૧૩. **સભાત્યાગ**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક પરત ખેંચી લેવા વિનંતી કરી.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માનનીય અધ્યક્ષશ્રીને વિધેયક ઉપર મતદાન કરવાની વિનંતી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિધેયકને મતદાન ઉપર મૂકવાની પ્રક્રિયા હાથ ધરી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી સહિત સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૧૪. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચનનો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આજના દિવસનું બાકીનું કામકાજ આવતીકાલ તા.૨૬/૭/૨૦૧૯ની બેઠકમાં હાથ ધરવામાં આવશે તેવી જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર, તા.૨૬મી જુલાઈ ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૮.૪૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.